BRAMPTON Flower City
brampton.ca

Service and Information Update

સપ્ટેમ્બર 6, 2018

# સીટી ઓફ બ્રામ્પટને નિવાસી આવાસો માટે હીટિંગ શરૂ કરવાની તારીખ લંબાવી છે

બ્રામ્પટન, ઓન્ટેરિયો – સીટી ઓફ બ્રામ્પટન ભાડાના નિવાસોના મકાનમાલિકોને આવાસીય ભાડાના એકમો માટે હીટિંગ સપ્ટેમ્બર 22, 2018 પહેલાં શરૂ ન કરવાની સલાહ આપે છે.

લાક્ષણિક રીતે, પૂરતા હીટ બાય-લૉ પ્રમાણે મકાનમાલિક ભાડાના નિવાસોમાં અનુકૂળ હીટિંગ સપ્ટેમ્બર 15 થી શરૂ કરીને પૂરું પાડે તે અનિવાર્ય બને છે. જોકે, મોટા ભાગના સપ્ટેમ્બર મહિનામાં હવામાનની આગાહી 20 કરતા વધારે સેલ્સિયસ રહેવાની સાથે, આ શહેરે શરૂઆતની તારીખ સપ્ટેમ્બર 15 થી બદલીને સપ્ટેમ્બર 22 કરી છે.

આ એડિક્વેટ હીટ બાય-લૉમાં વર્ષ 2017 નાં સુધારા અનુસાર છે, જેમાં ડાયરેક્ટર ઓફ એન્ફોર્સમેન્ટ એન્ડ બાય-લૉ સર્વિસીસ પાસે હીટિંગ શરૂઆત કરવાની તારીખની ભલામણ કરવા કાઉન્સિલે સોંપેલી સત્તા છે, જો અને હવામાનની સ્થિતિ આધારે જરૂર પડે.

વધુ માહિતી શહેરની વેબસાઈટ પરથી વારંવાર પૂછાતા પ્રશ્નો (એફએક્યુ) માંથી મેળવો.

-30-

**મિડિયા સંપર્ક :**
નાટાલી સ્ટોગડિલ (Natalie Stogdill)
મીડિયા રિલેશન્સ
સીટી ઓફ બ્રામ્પટન
905.874.3654 | natalie.stogdill@brampton.ca